ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગરના માર્ગો પર ૧૭૦૦ ઈલેક્ટ્રીકલ વાહનો ફરી રહ્યા છે

**સૌથી વધુ ટુ વ્હીલર ઈલેક્ટ્રીકલ વાહનો નોંધાયા છે, નોંધાયેલા વાહનોમાં ૫૦ ટકા જેટલો હિસ્સો ટુ વ્હીલરનો છે**



ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં હવે ઈલેક્ટ્રીક વાહનો માટેનો ક્રેઝ વધી રહ્યો છે. આર.ટી.ઓ. કચેરીમાં ૧૭૦૦ જેટલા ઈલેક્ટ્રીક વાહનો રજીસ્ટર્ડ થયા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાં ટુ વ્હીલર ઈલેક્ટ્રીકલ વાહનોનો ક્રેઝ વધુ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં નોંધાયેલા ઈલેક્ટ્રીકલ વાહનોમાં ૭૦૦થી વધુ ટુવ્હીલર રજીસ્ટર થયા છે.

જિલ્લામાં ટુ વ્હીલર, થ્રી વ્હીલર અને ફોર વ્હીલર વાહનોનું રજીસ્ટ્રેશન થયુ છે. જો કે ટુ વ્હીલર ઈલેક્ટ્રીકલ વાહનોનું રજીસ્ટ્રેશન વધુ થયુ છે. આ પછી ફોર વ્હીલર વાહનોનું રજીસ્ટ્રેશન આવે છે. થ્રી વ્હીલર વાહનોનું રજીસ્ટ્રેશન ઓછુ જરૂર થયુ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ઈલેક્ટ્રીકલ વાહનોની ખરીદી પર સરકાર સબસીડી આપી રહી છે અને તેને સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

ટુવ્હીલર વાહન માટે રૂ. ૨૦ હજારની, થ્રી વ્હીલર પર ૫૦ હજાર અને ફોર વ્હીલર વાહનો માટે રૂ. દોઢ લાખ સુધીની સબસીડી સરકાર દ્વારા આપવામાં આવી રહી છે.

આ ઈલેક્ટ્રીકલ વાહનો માટેની નંબર પ્લેટ પણ અલગ રંગની રાખવામાં આવી છે.

ઓટો સેકટરમાં હવે ઈલેક્ટ્રીક વાહનો ખુબ જ ઝડપથી લોંચ થઈ રહ્યા છે. ગાંધીનગરના માર્ગો પર પણ આ ઈલેક્ટ્રીકલ વાહનો ફરતા જોવા મળી રહ્યા છે.

# આ વર્ષે શહેરમાં ગરમીએ ફેબ્રુઆરીમાં વિક્રમો સર્જયા

**છેલ્લા પાંચ દિવસથી ગરમીનો પારો ૩૫ ડિગ્રીને પાર, આજે ગરમીનો પારો ૩૭.૫ ડિગ્રી નોંધાયો**

ગાંધીનગર, તા. ૧૯

ફેબ્રુઆરી મહિનાના બીજા પખવાડિયાથી જ ગાંધીનગરમાં ગરમી વિક્રમ તોડી રહી છે. છેલ્લા પાંચ દિવસથી સતત ગરમીનો આંક ૩૫ ડિગ્રીને પાર કરી ગયો છે.

ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધતાં જ ગરમીમાં રાહત મેળવવા માટે પંખા અને એસી અત્યારથી જ ચાલુ થઈ ગયા છે. જિલ્લામાં વીજ વપરાશ પણ વધ્યો છે.

ગરમીના પ્રકોપને કારણે પેયજળની માંગમાં પણ વધારો થયો છે તો ગ્રામીણ વિસ્તારોમાં પાણીના પોકારો ઉઠવાના શરૂ થઈ ગયા છે.

ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પારો ૩૭.૫ ડિગ્રીએ પહોંચ્યો હતો જ્યારે રાત્રિનું તાપમાન ૧૩.૬ ડિગ્રી સે. નોંધાયુ છે. ગઈકાલે અર્થાત્ ૧૮મીએ ગાંધીનગરમાં તાપમાનનો પારો ૩૮ ડિગ્રીએ પહોંચ્યો હતો.

ગરમીનો પ્રકોપ જે રીતે વધી રહ્યો છે તે જોતાં આ વખતનો ઉનાળો વધુ આકરો બનશે.

દિવસ અને રાતના તાપમાનમાં ખાસ્સો મોટો તફાવત હોવાથી નગરજનો હાલ બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે તેમજ બેવડી ઋતુને કારણે શરદી-ખાંસીના દર્દીઓની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે. શરદી-ખાંસી ત્રણ દિવસથી વધુ રહેતી હોવાથી દવાના પણ ભારે ડોઝ લેવા પડી રહ્યા હોવાનું નગરજનો કહી રહ્યા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં ગરમીનો પ્રકોપ જે રીતે વધી રહ્યો છે તે જોતાં પાણીના પ્રશ્નો ઉભા થવાની સંભાવનાઓ પણ લોકજીભે વ્યક્ત કરવામાં આવી રહી છે.

જિલ્લામાં આ હિટવેવ હજુ ચાલુ રહેશે તેવુ હવામાન-પૂર્વાનુમાનના જાણકારો કહી રહ્યા છે.

# જિલ્લામાં વિવિધ ૧૦ માર્ગોની સુધારણા પાછળ ૨૯ કરોડનો ખર્ચ થશે

**ચિલોડા, સિહોલી, બહિયલ, વડોદરા, દહેગામ, વાવોલ, ઉવારસદ સહિતના માર્ગોનું મજબૂતીકરણ કરવામાં આવશે**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર જિલ્લા મા લાંબા સમયના અંતે માર્ગ સુધારણા નું કામ હાથ ધરાશે. જ્યારે આ અન્વયે સ્ટેટ હાઈવે અને નેશનલ હાઈવેને જોડતા તથા તાલુકા વિસ્તારના મુખ્ય માર્ગો નું મજબૂતીકરણ હાથ ધરાશે પાટનગર યોજના વિભાગ અક્ષયથી આયોજન કરી દેવાયું છે જે અન્વયે જિલ્લામાં ૧૦ માર્ગોના નવીનીકરણ ને અનુલક્ષી અંદાજિત ૨૯ કરોડનો ખર્ચ કરાશે

પાટનગર યોજના વિભાગના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી મુજબ જિલ્લામાં માર્ગ રીસર્ફેસિંગની કામગીરી અન્વયે ચિલોડા, શિહોલી, સાદરા રોડનું ૧૩ કિલોમીટરનુ કામ, નેશનલ હાઈવે નંબર ૧૪૭થી ડભોડા રોડનું ૪ કિલોમીટરનું કામ અને વડોદરા, અમદાવાદ, દહેગામ રોડની ૩ કિલોમીટરની કામગીરી રૂપિયા ૬.૮૪ કરોડના ખર્ચે કરવામાં આવશે. જ્યારે રાયપુર, કરોલી, બહિયલ, બારડોલી રોડનું ૧૪ કિલોમીટર લંબાઈમાં રીશર્પેસિંગ કરવાનું કામ રૂપિયા ૬.૭૪ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે દહેગામ શીડફાર્મથીથી, વાસણા રાઠોડ, હરસોલી, બારડોલી, કોઠી, ઘમીજ અને ચાંદિયોલ સુધી જિલ્લાની હદ મર્યાદા સુધીનું ૧૨ કિલોમીટર લંબાઈનું કામ અને ધારિસણાથી જાલિયા મઠ સુધી ૪ કિલોમીટરનું કામ રૂપિયા ૬.૩૬ કરોડના ખર્ચ કરવામાં આવશે.રિસર્ફેસીંગ અને સ્ટ્રેન્ધનીંગ અંતર્ગત દહેગામ, નાંદોલ, હાલીસા, ગિયોડ રોડનું કામ પણ હાથ ધરાશે ૫ કિલોમીટર લંબાઈમાં કરવામાં આવશે. ઉપરાંત શાહપુર એપ્રોચ રોડનું ૧ કિલોમીટરનું કામ, બાસણ એપ્રોચ રોડનું ૨ કિલોમીટરનું કામ, સરગાસણ, શાહપુર રોડનું ૨ કિલોમીટરનું કામ અને નેશનલ હાઈવે નંબર ૧૪૭ને જોડતા લેકાવાડા રોડનું ૨ કિલોમીટરનું કામ રૂપિયા ૫.૪૮ કરોડના ખર્ચા કરાશે. જ્યારે પાટનગરમાં ક રોડ, ઘ રોડ, વાવોલ અને ઉવારસદ રોડને નેશનલ હાઈવે સાથે જોડતા રસ્તાઓનું ૮ કિલોમીટર ના માર્ગ પર ૩.૮૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

## આજથી જિલ્લામાં વિજ્ઞાનપ્રવાહની પ્રાયોગિક પરીક્ષા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજથી વિજ્ઞાનપ્રવાહની પ્રાયોગિક પરીક્ષાઓ આરંભાશે. આ માટે જિલ્લામાં ૧૪ જેટલા સેન્ટરો નિયત કરવામાં આવ્યા છે.

જિલ્લામાં આ પ્રાયોગિક પરીક્ષા માટેની તૈયારીઓ તંત્ર દ્વારા કરી લેવામાં આવી છે. શહેર-જિલ્લાની શાળાઓમાં યોજાનાર આ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં લેવાય તે માટે કર્મચારીઓને તાલિમ પણ આપવામાં આવી છે.

ધો. ૧૨ સાયન્સ પ્રવાહમાં અગાઉના વર્ષોની તુલનામાં આ વર્ષે ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જિલ્લામાં કુલ ૧૨,૫૮૬ વિદ્યાર્થીઓ આ પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષાર્થી છે.

# એક્ઝીબીશન સેન્ટરના મિલ્કતવેરા પેટે રૂપિયા ત્રણ કરોડથી વધુ બાકી

**તંત્રએ સરકારી મિલ્કતો સામે પણ સિલીંગની કાર્યવાહી માટે મન બનાવ્યુ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકા હવે મિલ્કતવેરાની વસુલી માટે સરકારી મિલ્કતો સામે પણ સિલીંગનુ શસ્ત્ર ઉપાડશે તેવા સંકેતો મળી રહ્યા છે.

મનપાના તંત્ર દ્વારા મિલ્કતવેરાની બાકી વસુલાત અંગે લાલ આંખ કરી અત્યાર સુધીમાં ૨૯ મિલ્કતો સીલ કરી દીધી છે અને મિલ્કતવેરાની બાકી વસુલાત માટે આક્રમક તેવર બતાવ્યા છે.

સરકારી મિલ્કતોના બાકી મિલ્કતવેરાને લઈ તંત્રએ જે મોટા વેરા બાકી છે તેવી મિલ્કતોના સંચાલકોને નોટીસ આપી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૧૭માં આવેલ એક્ઝીબીશન સેન્ટર પાસેથી જ રૂ. ૩ કરોડથી વધુનો મિલ્કતવેરો બાકી નીકળે છે. અહિ સતત પ્રદર્શનો યોજાતા રહ્યા છે. જો કે આ પ્રદર્શનો પછી પણ મિલ્કતવેરો ભરવાની ઉદાસીનતાને લઈ હવે તંત્રએ આગામી સપ્તાહમાં આખરી નોટીસ આપી અને ગમે તે ઘડીએ તેને સીલ કરવા માટેનું મન બનાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

સરકારી મિલ્કતોના મિલ્કતવેરા પેટે રૂ. ૪૨ કરોડ જેટલી માતબર રકમ બાકી બોલે છે ત્યારે આ મુદ્દો પ્રભારીમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલ સમીક્ષા બેઠકમાં પણ ઉઠ્યો હતો.

આ પછી તંત્રએ મિલ્કતવેરાના બાકીદારોને નોટીસો પાઠવવાનું શરૂ કર્યુ હતુ. ૧૫૦૦થી વધુ બાકીદારોને નોટીસો તંત્રએ પાઠવી છે. જેમાં સરકારી મિલ્કતોનો સમાવેશ પણ થતો હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા આ વેરા માટે માર્ગ-મકાન વિભાગ સહિતના વિભાગો સાથે બેઠકો પણ કરી હોવા છતાં હજુ વેરો ન ભરાતા તંત્રએ આખરી નોટીસ આપી અને સિલીંગની કાર્યવાહી કરવા માટેનું મન બનાવી લીધુ હોવાનું જાણવા મળેલ છે. ખાનગી મિલ્કતોને જ સિલ કેમ કરાય છે તેમ કહી લોકોમાં પણ વિરોધનો સૂર ઉઠ્યો છે ત્યારે તંત્રએ હવે આ દિશામાં આગળ વધશે તેમ મનાઈ રહ્યુ છે.

# શહેરમાં પાણીજન્ય-મચ્છરજન્ય રોગચાળાની સાથે વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓ વધ્યા

**જનરલ પ્રેક્ટીસનરોને ત્યાં દર્દીઓની લાંબી કતારો : દિવસે ગરમી અને રાત્રે ઠંડકના કારણે શરદી-ખાંસી અને ગળામાં સોજાના અસંખ્ય દર્દીઓ**

ગાંધીનગર, તા. ૧૯

ઉનાળાના પ્રારંભે શહેર જાણે રોગચાળાના ભરડામાં સપડાયુ છે. ઝાડા-ઉલ્ટી, મલેરીયા, ટાઈફોઈડ જેવા પાણીજન્ય-મચ્છરજન્ય રોગચાળાની સાથે સાથે ઘરે ઘરે વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓ જોવા મળી રહ્યા છે. જનરલ પ્રેક્ટીસનરો આખો દિવસ નવરા ન પડે તેટલી મોટી સંખ્યામાં દર્દીઓ જોવા મળી રહ્યા છે.

હાલમાં છેલ્લા કેટલાક દિવસોથી બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. દિવસે આકરો તાપ અને ગરમી તો રાત્રે ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. ઘણાએ તો ફ્રીઝના ઠંડા પાણી અને કોલ્ડડ્રીક્સનો વપરાશ શરૂ કરી દીધો છે. વળી હાલમાં લગ્નોની સિઝન પુરબહારમાં ખીલી છે ત્યારે ખાણી-પીણીમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. જેની સીધી અસર લોકોના સ્વાસ્થ્ય પર પડી રહી છે. બેવડી ઋતુ અને ઠંડા પીણાંના વપરાશને કારણે વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓ ખુબ વધ્યા છે. ઘરે ઘરે શરદી, ખાંસી, તાવ અને ગળાના દુઃખાવાના દર્દીઓ જોવા મળી રહ્યા છે.

વળી હમણાં હમણાં શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી ઝાડા-ઉલ્ટી અને ટાઈફોઈડ જેવા પાણીજન્ય રોગચાળાના દર્દીઓ મળી રહ્યા છે. દુષિત પાણી અને બીન આરોગ્યપ્રદ ખોરાકના પરિણામે આવા દર્દીઓ વધ્યા છે. પાણીજન્ય રોગચાળાની સાથોસાથ મેલેરીયા અને ડેન્ગ્યુ જેવા મચ્છરજન્ય રોગચાળાના દર્દીઓ પણ મળી રહ્યા છે. ખાનગી અને સરકારી દવાખાનાઓ રીતસર દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. જનરલ પ્રેક્ટીસનરોને ત્યાં સવાર-સાંજ દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. વિવિધ ટેસ્ટ માટે લેબોરેટરી પહોંચતા દર્દીઓ પણ વધ્યા છે. ઉનાળો જ્યાં સુધી પુરો નહી બેસે અને બેવડી ઋતુ અનુભવાશે ત્યાં સુધી દર્દીઓની સંખ્યા આટલી જ રહેશે.

# લોકમેળામાં ત્રણ ટન કચરો ઉત્પન્ન થયો



તંત્રએ ૩૫ હજાર દંડ વસુલ્યો



ગાંધીનગર, તા. ૧૯

સે. ૨૨ પંચદેવ મંદિર ખાતે ગઈકાલે યોજાયેલ શિવરાત્રીના લોકમેળા પછી આજે તંત્રએ ત્યાં સફાઈની કામગીરી કરી ૩ ટન જેટલો કચરો આજે સાફ કર્યો હતો.

મેળો પૂર્ણ થયા પછી ત્યાંથી કચરાની સફાઈ માટે સેનીટેશન શાખા દ્વારા ખાસ ટીમો રાખી આજે સવારથી જ સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પ્લાસ્ટિક સહિતના કચરાની સફાઈ માટે આજે બપોર સુધી ટીમોએ તેમની કામગીરી કરી હતી.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પ્લાસ્ટીક સહિત તેમજ ગંદકી કરવાના ગુનાસર તંત્રની ટીમે ૩૫ હજાર જેટલો દંડ પણ પાથરણાવાળાઓ પાસેથી વસુલ કર્યો હતો.

ગાંધીનગર સે. ૨૨માં પંચદેવ મંદિર ખાતે ગઈકાલે યોજાયેલ શિવરાત્રીના મેળામાં પાથરણા બજાર મોટુ ભરાયુ હતુ. આ મેળામાં ૨૦ માઈક્રોનથી ઓછા પ્લાસ્ટિકનો ઉપયોગ પણ બેફામ થયો હતો. તંત્રએ આ બાબતને ગંભીરતાથી લઈ દંડ વસુલીનું શસ્ત્ર ઉગામ્યુ હતુ.

કોરોના કાળ પછી યોજાયેલ આ લોકમેળામાં લોકો પણ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. બપોરની ગરમી પછી સાંજના સુમારે અહિ ભારે ભીડ થઈ હતી અને રોડ પણ ટ્રાફિક માટે બંધ કરવા પડ્યા હતા. આ મેળામાં ઉત્પન્ન થયેલ કચરો મનપાતંત્રએ આજે દૂર કરી દીધો છે.

# ઉનાળાના આરંભે જ લીંબુના ભાવ આસમાને

**એક કિલો લીંબુનો ભાવ ૧૦૦થી ૧૨૦ રૂપિયા : ગૃહિણીઓનું બજેટ ખોરવાયું**

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં લીંબુના ભાવ આસમાને પહોંચી ગયા છે. હજુ તો ઉનાળાની શરૂઆત છે અને ત્યારે જ લીંબુના ભાવે સદી ફટકારી છે. વિવિધ શાકમાર્કેટમાં એક કિલો લીંબુનો ભાવ ૧૦૦થી ૧૨૦ રૂપિયા છે.

હજુ થોડાં સમય પહેલાં જ લીંબુ ૪૦ રૂપિયા પ્રતિ કિલો વેચાતા હતા. ત્યારે ૧૦૦ રૂપિયાએ ભાવ પહોંચતા લોકોને વધુ માર સહન કરવાનો વારો આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, લીંબુના ભાવમાં હજુ વધારો થાય તેવી શક્યતા છે.

ઉનાળામાં ગરમીથી બચવા અને લૂ ન લાગે તે માટે લીંબુનો ભરપૂર પ્રમાણમાં ઉપયોગ કરતા હોય છે. લીંબુ શરબત, લીંબુ સોડા વગેરેનો આગ્રહ રાખે છે. પરંતુ આ વર્ષે લીંબુયુક્ત ઠંડા પીણાંનો આગ્રહ મોંઘો પડશે તેમ લાગી રહ્યું છે. કારણ કે, ઉનાળાના પ્રારંભે સ્વાસ્થ્યવર્ધક અને રોજિંદા ઉપયોગી થતા એવા લીંબુના ભાવમાં મોટા પ્રમાણમાં વધારો થયો છે.

લીંબુના વેપારીઓનું કહેવું છે કે, હાલ અજય લીંબુના ભાવ વધ્યા છે. કારણ કે, લીંબુની આવક સામે માગ વધી રહી છે. તેને કારણે ભાવ વધારો થયો છે. રાજકોટમાં શિયાળામાં દરરોજ ૭૦૦ કિલો લીંબુ વેચાતા હતા અને હવે ઉનાળામાં તે વધીને ૧૦૦૦થી ૧૨૦૦ કિલો સુધી માગ પહોંચશે.

કાળઝાળ ગરમી વચ્ચે ડી હાઈડ્રેશનથી બચવા માટે લોકો લીંબુ શરબત તેમજ લીંબુ સોડાનો મહત્તમ ઉપયોગ કરતા હોય છે. તેથી જ ઉનાળા દરમિયાન લીંબુની માગ પણ મોટા પ્રમાણમાં વધતી હોય છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com